# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR – 388 120 (GUJARAT) INDIA

NAAC Re-Accreditation CGPA 3.25 GRADE – 'A'

Website: www.spuvvn.edu Fax: (02692) 230309, 226804


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

શૈક્ષણિક વર્ષ ૨૦૨૧-૨૨ બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ માટે જરૂરી સૂચનો નીચે મુજબ છે.

(૧) સૌપ્રથમ વિદ્યાર્થીએ ઓનલાઇન બી.એડ્. પ્રવેશ ફોર્મ ભરતા પહેલાં બી.એડ્. અભ્યાસક્રમ વર્ષ ૨૦૨૧-૨૨ ની પ્રવેશપુસ્તિકાનો અભ્યાસ કરવાનો રહેશે જેમાં બી.એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની સંપૂર્ણ માહિતી આપવામાં આવેલ છે.

(૨) ઓનલાઇન રજીસ્ટ્રેશન દરમ્યાન ફેકલ્ટી (Education) અને પ્રોગ્રામ (Bachelor of Education 2 Years) પસંદ કરવાનું રહેશે. જો ફેકલ્ટી અને પ્રોગ્રામ પસંદ કરવામાં ભૂલ થશે અને વિદ્યાર્થી દ્વારા અન્ય ફેકલ્ટી અને પ્રોગ્રામ પસંદ કરવામાં આવશે તો પ્રવેશ ફોર્મ ફી ₹.200 પરત મળવાપાત્ર નથી અને બી.એડ્. અભ્યાસક્રમ માટેનું પ્રવેશ ફોર્મ રદ્દ ગણાશે અને વિદ્યાર્થીએ ફરીથી ઓનલાઇન રજીસ્ટ્રેશન અને પ્રવેશ ફોર્મ માટે પ્રક્રિયા કરવાની રહેશે.

(૩) વિદ્યાર્થીઓએ સૌપ્રથમ ઓનલાઇન રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. રજીસ્ટ્રેશન દરમ્યાન જે મોબાઇલ નંબર આપેલ હશે તે નંબર ઉપર રજીસ્ટ્રેશન પૂર્ણ થયાબાદ એપ્લીકેશન નંબર અને પાસવર્ડ આવશે જે સાચવી રાખવાનો રહેશે.

(૪) મોબાઇલ નંબર પર આવેલ એપ્લીકેશન નંબર અને પાસવર્ડની મદદથી યુનિવર્સિટી પોર્ટલ પર લોગ-ઈન કરી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરવાનું રહેશે.

(૫) ઓનલાઇન પ્રવેશ ફોર્મમાં એચ.એસ.સી, એલ.સી, સ્નાતક અને અનુસ્નાતકની તમામ માર્કશીટ તથા જાતિ અંગેનું પ્રમાણપત્ર (જો લાગુ પડતું હોય તો) અવશ્ય અપલોડ કરવાનું રહેશે.

(૬) સ્નાતક અને અનુસ્નાતકના કોલમમાં ગ્રાન્ડ ટોટલ દર્શાવવાનું રહેશે. માર્કશીટમાં સીજીપીએ આપેલ હોય તો ગ્રેડ પોઇન્ટ દર્શાવવાના રહેશે.

(૭) અનુસ્નાતકનો અભ્યાસક્રમ પૂર્ણ કરેલ ન હોય તો તેના માર્કસ દર્શાવવાનાં રહેશે નહી પરંતુ અનુસ્નાતકનું જે સેમેસ્ટર પૂર્ણ કરેલ હોય તે તમામ માર્કશીટ અપલોડ કરવાની રહેશે.

(૮) ઓનલાઇન પ્રવેશ ફોર્મ સબમીટ કર્યા બાદ વિદ્યાર્થીને પ્રવેશ અંગેની આગળની માહિતી જેવી કે મેરીટ, પ્રવેશ કાઉન્સેલિંગ તેમજ પ્રવેશને લગતી જરૂરી તમામ માહિતી યુનિ.ની વેબસાઇટ પરથી મળી શકશે.

(૯) મેરીટ અને પ્રવેશ કાઉન્સેલિંગને લગતી માહિતીની જાણ મેસેજ દ્વારા કરવામાં આવશે નહી જેથી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની વેબસાઇટ વખતોવખત જોતાં રહેવું જેથી બી.એડ્. પ્રવેશને લગતી માહિતી મળી રહે.

નં.ડી/બી.એડ્./૨૦૨૧-૨૨/૨૪૦૨

તારીખ:૧૭/૦૮/૨૦૨૧

વલ્લભ વિદ્યાનગર

કાર્યકારી કુલસચિવ